જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર   ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦        ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૭/૨૦૧૫ રવિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>નશાબંધીધારા હેઠળ ઝડપાયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૫૯/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૦૯ કેસ કરી ૦૯ વ્યક્તિઓને ઝડપી, ૪૩ લીટર દેશી દારૂ, ૧૯ બોટલ ઇગ્લીશ દારૂ અને ૯૧ બિયરટીન કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૬૦/૧૫</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૬૧/૧૫</u>**

**ઇસનપુર :** જસુમતીબહેન નંદલાલ વાઢેર (રહે.અંબીકા ટેનામેન્ટ, ન્યુ જસપાર્ક સોસાયટી સામે, ઇસનપુર) તા.૧૮/૭/૧૫ સવારનાં ૬/૧૫ વાગ્યાના સુમારે ઇસનપુર એચ.એલ.પટેલ હોલની સામેથી પોતાની દિકરી સાથે એક્ટીવા પાછળ બેસી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ જસુમતીબહેનનાં ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ જસુમતીબહેન વાઢેરે ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.ડી.પંચાલ ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૬૨/૧૫</u>**

**ખોખરા :** કંચનબહેન દિનેશભાઇ દંતાણી (ઉ.વ.૧૮) (રહે.કુટવાળી ચાલી, હરીપુરાના છાપરાં, લાલભાઇ સેન્ટર સામે, ખોખરા) એ એલ.જી.હોસ્પીટલ ખાતે ખોખરા પોલીસ સમક્ષ ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૭/૧૫ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે ખોખરા બાવાવાળનાં છાપરાં, ચાર રસ્તા પાસે નજીક કંચનબહેન, તેમના સાસુ ગોમતીબહેન (ઉ.વ.૪૫) ઉભા હતા દરમ્યાન એક ફોર વ્હીલ ગાડી નંબર જીજે.૦૧.કે.એ.૭૩૨૨ નાં ચાલકે ગાડી બેદરકારી અને પુરઝડપે ચલાવી લાવતાં, કંચનબહેન અને તેમની સાસુ ગોમતીબહેનને ટક્કર વાગતાં, કંચનબહેન તથા ગોમતીબહેનને શરીરે ઇજાઓ થતાં, સારવાર માટે એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન સવારનાં ૧૧/૦૦ વાગે ગોમતીબહેનનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી સી.જે.દેસાઇ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૬૩/૧૫</u>**

**રીવરફ્રન્ટ (વેસ્ટ) :** સંજયકુમાર જયંતિલાલ પ્રજાપતિ (ઉ.વ.30)(રહે.બ્રહ્માણી પાર્ક સોસાયટી, સુરેલીયા એસ્ટેટ સામે, અમરાઇવાડી) એ કોઇ અગમ્ય કારણોસર તા.૧૮/૭/૧૫ સાંજના ૬/૦૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે સાબરમતી નદીનાં પશ્ચીમ તરફનાં છેડે, પોઇન્ટ નં-૩ નજીક, નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી હસમુખભાઇ મગનભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)